**મે.વડોદરાના એડી. ચીફ જયુ. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.**

**ગુ.મુ.નં.૫૬૫૦૭/૨૦૨૫**
**આંક–**

**GJVD020630922025**

**ફરિયાદી :– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:– સુરેશભાઈ પુષ્કરલાલ સાલવી**

**–::જજમેન્ટ::–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર **બી.એન.એસ.–૨૮૧ તથા એમ. વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪** મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થયેલા તેમને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦** મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરશીશ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે, તેઓનો હાલનો પ્રથમ ગુનો છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી છે. હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહીં. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સીવાય પરિસ્થિતિ સમક્ષ નજર રાખતા આરોપીને હળવી

રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે જ રીતે, **નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S NATVARN HARKHACHANDJI THAKOR 2005(1) = G.L.P.709: 2005(1) GCD 749** માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલું છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::હુકમ::**

આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા –૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.–૨૮૧ તથા એમ. વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪**ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક ગુનામાં આરોપીને **રૂ. ૧૦૦૦ /– (અંકે રૂપિયા એક હજાર)** નો દંડની સજાનો હુકમ ફરામાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો **દિન– ૦૫** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**આ હુકમ આજરોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૨–૦૭–૨૦૨૫
વડોદરા.

**( આર.એમ.શેખ )**
૧૧ માં એડીશ્નલ ચીફ જયુડી.મેજી.,
વડોદરા કોડ નં. જી. જે.૦૧૪૭૪

કે. કે. પરમાર/પી.એ.